# <u>લાભાર્થીની વિગત</u>

| | | |
|---|---|---|
| **મંડળીનું નામ** | : | **બારીયાની હાથોડ** |
| **મંડળીનો કોડ નંબર** | : | **૧૭૧૩** |
| **તાલુકો** | : | **ફતેપુરા, જિ. દાહોદ.** |
| **લાભાર્થીનું નામ** | : | **બારીયા હંસાબેન જીવણભાઈ** |
| **પશુ ખરીદી તારીખ** | : | **૧૫–૧૧–૦૮** |
| **પશુની ખરીદકિંમત** | : | **રૂા. ૨૫,૦૦૦/–** |
| **પશુનો કડી નંબર** | : | **૧૦૨૫૬૧** |

- ❖ ૨ વર્ષમાં પશુના કેટલા પાડા / પાડી છેઃ ૨ (પાડો મરણ પામેલ છે, પાડી હયાત છે.)
- ❖ સનસાઈન પ્રોજેક્ટ હેઠળ લાભાર્થીને લાભ મળેલ છે.

| | | |
|---|---|---|
| ❖ પશુનુ કુલ દૂધ ઉત્પાદન સને ૨૦૦૮–૦૯ | : | ૪૭૦ લીટર |
| ❖ પશુનુ દૈનિક દૂધ ઉત્પાદન | : | ૪ લીટર |
| ❖ ઘાસ કાપવાનો સૂડો મળેલ છે. | : | હા |
| ❖ દૂધની માસિક આવક | : | રૂા. ૨૦૦૦/– |
| ❖ દૂધની વાર્ષિક આવક | : | રૂા. ૧૪,૧૦૦/– |
| ❖ પશુ લાવવાથી લાભાર્થીને થયેલ ફાયદો | : | ઘરનું તંત્ર બરાબર ચાલે અને ઘરમાં આવક વધી. |
| ❖ પશુનુ કુલ દૂધ ઉત્પાદન સને ૨૦૦૯–૧૦ | : | ૫૨૦ લીટર |
| ❖ વર્ષ ૨૦૦૯–૧૦ ની કુલ આવક | : | રૂા. ૧૪,૪૦૦/– |
| ❖ જમીન | : | ૧.૫ એકર |
| ❖ ઘરના સભ્યો | : | ૫ |
| ❖ પિયતની સગવડ | : | ૫૦% |

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાની બારીયાની હાથોડ દૂધમંડળીના લાભાર્થી શ્રીમતી હંસાબેન જીવણભાઈ બારીયાએ સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ ભેંસ ખરીદ કરેલ હતી. અગાઉ તેઓને ત્યાં એક પણ પશુ ન હતુ, તેથી ખેતીકામ પર નિર્ભર રહેવુ પડતું હતુ અને આવક પણ મર્યાદિત હતી. પશુ ખરીદીનો લાભ મેળવ્યા બાદ તેઓની વાર્ષિક આવકમાં પણ વધારો થયેલ છે અને તેઓના જીવનધોરણમાં સુધારો જોવા મળેલ છે. પ્રથમ પશુ ભેંસ ખરીદેલ, તે બીજીવાર વિયાણ બાદ હાલમાં દૂધ આપે છે અને તેની પાડી પણ ગાભણ થયેલ છે. આમ ભવિષ્યમાં બે પશુ દૂધ આપતા થશે, તેથી તેઓની આવકમાં પણ વધારો થશે.



પ્રોજેક્ટ સનસાઈન અંતર્ગત મકાઈ બિયારણ અને ખાતર કીટનો લાભ મળેલ છે. આમ, મકાઈનું ઉત્પાદન પણ અગાઉના વર્ષો કરતાં ૫૦% જેટલું વધુ મેળવેલ છે, જેથી ખેતીની આવકમાં પણ વધારો થયેલ છે.

આમ, સરકારશ્રીની યોજનાઓનો લાભ મેળવીને તેઓ પોતાની આવકમાં વધારો કરી, જીવનધોરણ ઉંચુ લાવી શકયા છે અને છેલ્લાં બે વર્ષમાં રૂા. ૫૦૦૦/– જેટલી બચત પણ કરેલ છે અને જેના થકી ચાલુ વર્ષે વિકાસશીલ તાલુકા જોગવાઈ હેઠળ નવીન ભેંસ ખરીદ કરવાના છે. આ યોજનાઓ થકી ખેતીકામ પર નિર્ભર રહેવુ પડતું નથી અને ઘરના વ્યવહારો સારી રીતે ચાલે છે.